

લોકસભાની ચૂંટણી માટે આગામી ૩૦મીના રોજ યોજાનાર મતદાનમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે સંદર્ભે આજે ગાંધીનગર દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાં સુરક્ષા જવાનોનો ફ્લેગ માર્ચ યોજાયો હતો જેમાં ચિલોડા પોલીસમથકના પી.આઈ. કે.કે. પંડ્યા, પી.એસ.આઈ. જે.બી. ચાવડા તેમજ હોમગાર્ડ અને પોલીસ જવાનો જોડાયા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે સવારથી પોલીંગ પાર્ટી રવાના થશે

## મતદાન માટેની તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે : ઈવીએમ અને વી.વી. પેટ માટે ખાસ ઈજનેરોની ટીમ છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ સંપન્ન થઈ ગઈ હોવાનો દાવો આજે જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી શ્રી ડૉ. પી. સ્વરૂપે કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં વી.વી. પેટનો પ્રથમવાર ઉપીયોગ થઈ રહ્યો હોવાથી દરેક બુથ પર પોલીંગ પાર્ટીઓ બપોરે બાર વાગ્યા સુધીમાં પહોંચી જાય તે રીતે રવાના કરવામાં આવશે જયારે જિલ્લાની ૩ વિધાનસભા મતવિસ્તારોની પોલિંગ પાર્ટીઓ ૧૨ વાગ્યાથી બુથ પર જવા રવાના થશે.

તેમણે જણાવ્યુ હતુ કે વી.વી. પેટનો પ્રથમવાર ઉપીયોગ થઈ રહ્યો હોવાથી કંપનીના ૩૦ એન્જીનીયરો ગાંધીનગર ખાતે આવી ગયા છે અને

● અનુસંધાન પાન-૭ પર

રૂદ્રાક્ષ હોસ્પિટલ
મલ્ટીસ્પેશ્યાલીટી અને ૨૪ કલાક અકસ્માત સારવાર કેન્દ્ર
પાટીયા, નરોડા, અમદાવાદ. ફોન.નં : ૦૭૯-૨૨૮૪૧૭૧૭/૧૮૧૮, ફેક્સ :- ૦૭૯-૨૨૮૪૧૯૧૯
એક ભારત શ્રેષ્ઠ ભારત
ઇન્ડિયન મેડિકલ એસો. ગાંધીનગર અને રૂદ્રાક્ષ હોસ્પિટલના સહયોગથી
મતદાન કરો
ફ્રી મેડિકલ ચેક-અપ કરાવો
તા. ૩૦.૦૪.૨૦૧૪ થી ૩૧.૦૫.૨૦૧૪
બી.પી., ઈ.સી.જી., ડાયાબીટીસ, બી.એમ. આઈ, ડોક્ટર કન્સલ્ટીંગ
સમય સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦, સાંજે ૫.૦૦ થી ૮.૦૦
એપોઈન્ટમેન્ટથી ફોન : ૨૨૮૪ ૧૯૧૯, ૨૨૮૦ ૩૮૧૮
ફ્રી નિદાન દર બુધવાર અને શુક્રવાર ફીજીશીયન અને સર્જન દ્વારા સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦, સાંજે ૫.૦૦ થી ૮.૦૦
● સીટીસ્કેન ● મેમોગ્રાફી ● ડાયાલીસીસ ● ઇકો ● એન્ડોસ્કોપી ● સોનોગ્રાફી ● કલર ડોપ્લર ● ઇ.ઇ.જી. ● ટી.એમ.ટી. ● બ્રોન્કોસ્કોપી ● એક્સ-રે ● બોડી ચેકઅપ ● પી.એફ.ટી. ● વ્યસનમુક્તિ ● લેબોરેટરી
10% ડીસ્કાઉન્ટ દવાઓ અને લેબોરેટરી

# બુથ લેવલની તૈયારીમાં ભાજપનુ માઈક્રો મેનેજમેન્ટ

## બુથની જવાબદારી સંભાળતા એજન્ટોને કીટ : પેઈજ પ્રમુખોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૮

મતદાનને આડે હવે માત્ર એક જ દિવસ રહ્યો છે. રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ પણ આજે શાંત પડી ગઈ છે. આ તબક્કે ભાજપે બુથ એજન્ટોની યાદી તૈયાર કરી જવાબદારી સોંપી દીધી છે. એજન્ટોને બુથવાઈઝ કીટ બનાવી આપવામાં આવી છે. બુથ લેવલે અસરકારકતા વધારવા માઈક્રો મેનેજમેન્ટ કર્યુ છે.

૩૦મી એપ્રિલના રોજ મતદાનની પ્રક્રિયા હાથ ધરવાની હોવાથી રાજકીય ઉત્તેજના તીવ્ર બની છે. રાજકીય પક્ષોએ પણ પ્રચાર ઝુંબેશ દરમિયાન એડી ચોટીનું જોર લગાવી દીધા બાદ મતદાનને અનુલક્ષી બુથ મેનેજમેન્ટની કામગીરી હાથ ધરી છે. બુથ મેનેજમેન્ટ માટે કાર્યકરોની ફોજ કામે લગાડવાનુ આયોજન કરવામાં આવ્યું છે. ભાજપ દ્વારા આજે પ્રચારના અંતિમ દિવસે ડોર ટુ ડોર બેઠકનો દૌર હાથ ધરવામાં આવ્યો હતો. જયારે મતદાનને લઈ અંતિમ તબક્કાની તૈયારી પણ હાથ ધરી દેવામાં આવી છે. જેમાં બુથ લેવલની તૈયારીઓને અનુલક્ષી શક્તિ કેન્દ્રોની બેઠક કરવામાં આવી હતી. બુથ એજન્ટોની ફોટા સાથેની યાદી તૈયાર કરી દેવાઈ છે. બુથની જવાબદારી સંભાળતા કાર્યકરો માટે બુથવાઈઝ કીટ તૈયાર કરી દેવાઈ છે. જેમાં જરૂરી સાહિત્યની સાથે ટોપીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત માઈક્રોમેનેજમેન્ટને અનુલક્ષી પેઈજ પ્રમુખોની પણ નિમણૂક કરી દેવાઈ છે.

હીરામણિ સ્કૂલ-હૉસ્ટેલ-વૃદ્ધાશ્રમ
નિરમા યુનિ. સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧. ફોન: (૦૨૭૧૭) ૨૪૨૫૦૫-૬૦૬
ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં નર્સરી જુની./સિનિ. કે.જી તથા ધો.૧ થી ૧૨ (વિજ્ઞાન-સામાન્ય પ્રવાહ)માં ગુજરાતી માધ્યમમાં પ્રવેશ ઉપલબ્ધ.
હૉસ્ટેલમાં અંગ્રેજી-ગુજરાતી માધ્યમમાં ધો.૨ થી ૧૨ (વિજ્ઞાન-સામાન્ય પ્રવાહ) માટે પ્રવેશ ઉપલબ્ધ.
જોઈએ છે : રેકટર્સ: હૉસ્ટેલમાં ૨૪ કલાક રહી શકે તેવા અનુભવી ૬૦ વર્ષની વય મર્યાદાવાળા
જોઈએ છે : ગુજરાતી-અંગ્રેજી માધ્યમ-ધો. ૧ થી ૧૨ (વિજ્ઞાન-સામાન્ય પ્રવાહ) માટે અનુભવી શિક્ષકો
બાયોડેટા, ફોટોગ્રાફ સહિત ઉપરોક્ત સરનામે અથવા સ્કૂલ વેબસાઈટ www.hiramanischools.org ઉપરથી ઓનલાઈન અરજી કરી શકશો અથવા Email: enquiry@hiramanischools.org દ્વારા તાત્કાલીક અરજી કરવી.




## જિલ્લાના ૧૨૬ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૮


ગાંધીનગર જિલ્લાના ૧૨૬ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરી ત્યાંની સમગ્ર પરિસ્થિતિ પર તંત્ર ચાંપતી નજર રાખશે તેમ જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપ અને પોલીસ વડા શ્રી સિંઘલે જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે દહેગામ તાલુકાના ૨૫, ગાંધીનગર(દ)ના ૨૮, ગાંધીનગર (ઉ)ના ૨૩, માણસાના ૨૩ અને કલોલના ૧૭ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

આ બન્ને અધિકારીઓએ જણાવ્યું હતું કે સંવેદનશીલ વિસ્તારોની તેમણે સંયુક્ત રીતે મુલાકાત લીધી છે. તેમજ મતદારો સંપૂર્ણ ભયમુક્ત રહી મતદાન કરી શકે તે માટેની પુરતી કાળજી લેવામાં આવી છે.

ક્રિષ્ના હેલ્થ કેર
ડો. એસ. પી. શુક્લ
M.S., FICA, MIPHA FIG (USA)
G.I. Surgen
મસા, ભગંદર, હર્નીયા, પેટના દર્દોના નિષ્ણાંત
● વિઝીટીંગ સર્જન - સાલ હોસ્પિટલ, અમદાવાદ
● CIMS OPD ક્લીનીક - મણીનગર (અમદાવાદ)
● માનદ સર્જન (Ex) - સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર
સ્થળ : કન્સલ્ટીંગ સર્જન - ક્રિષ્ના હેલ્થ કેર
દેવકુશ બંગલો, સુજન પ્લોટ, ધોળેશ્વર મહાદેવ રોડ, ગાંધીનગર
સંપર્ક : મો. ૯૯૨૫૪ ૧૬૩૯૭

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



જીવની જેમ જતન કરીને ઉછેરેલા સંતાનનું આમ અચાનક અણધાર્યા ચાલી જવું એથી મોટું દુ:ખ કોઈ હોઈ જ ન શકે... હ્રદયમાં સર્જાયેલા ખાલીપાને તારી સ્મૃતિથી ભરવાનો પ્રયત્ન કરીએ છીએ... પુણ્ય આત્માની શાંતિ માટે અંતરથી પ્રાર્થના કરીએ છીએ...

સ્વ. અમીત ચૌહાણ (લાલો)
જન્મ તા. ૨૦-૩-૧૯૮૦　નિર્વાણ તા. ૨૯-૪-૨૦૧૩

ભાનુપ્રસાદ ચૌહાણ (પિતા)
શારદાબેન ભાનુપ્રસાદ ચૌહાણ (માતા)
તથા સમસ્ત ચૌહાણ પરિવાર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah P. Manubhai Medical
ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87388, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503843
email : info@abhaydecorators.com www.abhaydecorators.com

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com